
JAIN REFERENCE LIBRARY ACHARYA SURENDRASURI JAIN TATVA GYANSHALA Page 1/1



કહેવાય છે. દરેક શમશી (Solar) મહિનાનો પહેલો દિવસ કે જેનું નામ ઓરમજ છે. બાર બરકતવાળા દિવસો કે જે શ્રાવણ મહિનાના છેલ્લા છ દિવસો અને ભાદરવાના પહેલા છ દિવસો છે.

અલ્લાહુ અકબર

નકલ અસલ મુજબ છે.




(આ સિક્કાના અક્ષરો વાંચી શકાતા નથી.)




આ સિક્કામાં 'કાજી અબ્દુ(લ)સ્સમી'નું નામ છે.

અસલ મુજબ નકલ છે.




આ સિક્કામાં 'કાજી ખાન મુહમ્મદ'નું નામ છે. બીજા અક્ષરો વંચાતા નથી.

('સૂરીશ્વર અને સમ્રાટ', પૃ. ૩૮૮ થી ૩૯૦,
તેમાંના ફરમાન ચોથાનો અનુવાદ)

**નોંધ** : બા૦ જહાંગીર મહો૦ ભાનુચંદ્રગણિનો એક રીતે વિદ્યાર્થી અને બીજી રીતે મિત્ર હતો. તેણે તેમને પણ પોતાના પિતાએ આ૦ હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિએ આપેલા ફરમાન તાજાં કરી, તેમાંના બધા હુકમોનો સમાવેશ કરી આ ફરમાન આપ્યું હતું.

જો કે ફરમાનમાં ઇલાહી સન ૫૫, શહેરીવર, પારસી છઠ્ઠા મહિનાની તા. ૧૪મી આપી છે. તે હિસાબે ત્યારે જુલસી સન ૫, ઇલાહી સન ૫૫ શહેરીવર મહિનો તા. ૧૪, ઈ. સ. ૧૬૧૦, વિ. સં. ૧૬૬૬નો ચૈત્ર મહિનો એમ આવે. પરંતુ મહો૦ **ભાનુચંદ્ર** ગણિવર તથા **સિદ્ધિચંદ્ર** ગણિ ત્યારે મારવાડ-ગુજરાત તરફ હતા, પણ આગરામાં નહોતા.

કદાચ આ ફરમાનના અનુવાદમાં કે સાલવારી મેળવવામાં ૧૦ વર્ષનો ફરક લેખાયો હોય તો, આ ફરમાનની સાલ જુલસી સન ૧૫, ઇલાહી સન ૬૫, શહેરીવર છઠ્ઠો મહિનો તા. ૧૪, હીજરી સન ૧૦૨૯ રવિઉસ્સાની મહિનો; ઈ. સ. ૧૬૨૦; વિ. સં. ૧૬૭૬ના ચૈત્ર સુદિ ૧૫ના રોજ આપ્યું હોય એમ દીસે છે.

(પ્રક. ૫૫–મહો૦ ભાનુચંદ્રગણિ, પૃ. ૩૯૮ થી ૪૦૨)

Mo. 9512234311 www.jainreferencelibrary.org jaintatvagyanshala@gmail.com